ગાંધીનગર સમાચાર

વૃક્ષારોપણ થકી યુવા અનસ્ટોપેબલનો ઉમદા પ્રયાસ

## @ગાંધીનગર

● મહાનગરપાલિકા કક્ષા યુવક મંડળ દ્વારા સવારે ૮.૦૦ કલાકે સે-૧૬ મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ટેનિસ ક્રિકેટ અને શુટીંગ બોલની સ્પર્ધા યોજાશે તથા મહિલા મંડળની સંગીત ખુરશી, ઉભી ખો, રસ્સાખેંચ સહિતની સ્પર્ધાઓ સેકટર-૧૫ ગોપાલક વિદ્યાલય ખાતે યોજાશે.

# 'ઑનલાઈન શાકભાજી' વેબસાઈટનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

## જાન્યુઆરીથી નગરની ગૃહિણીઓને ઘેરબેઠાં ઓઝોન વોશથી સાફ કરાયેલાં શાકભાજી ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા. ૨૨

આજના ઝડપી યુગમાં સઘળું આંગળીના ટેરવે છે ને ગ્રાહકોમાં ઑનલાઈન ખરીદીનો ટ્રેન્ડ મજબૂત બન્યો છે ત્યારે હવે ગૃહિણીઓ પણ ક્લિક કરીને શાકભાજીની ખરીદી કરી શકે તેવી વ્યવસ્થાનો આરંભ ગાંધીનગરથી થઈ રહ્યો છે. અને સમાચાર એ છે કે વ્યવસ્થા પણ પાછી બે ગૃહિણીઓ - તુલિકા સુધિર કુમાર અને નિકિતા ઍસ સિંહા - દ્વારા શરૂ થઈ રહી છે.

આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે આજે આ ઉપક્રમ 'ઓનલાઈન શાકભાજી'નો ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીના હસ્તે વેબસાઈટનો આરંભ કરાવામાં આવ્યો હતો. શહેરમાંથી શરૂ થયેલી આ વેબસાઈટના માધ્યમથી ગાંધીનગરની ગૃહિણીઓને જાન્યુઆરી મહિનાથી ઘેરબેઠાં તાજાં શાકભાજી અને ફળો મળી રહેશે. આ ઉપક્રમ શરૂ કરનાર બંને ગૃહિણીઓ આ વેબસાઈટના માધ્યમથી માત્ર વેપાર કરવા નથી માગતી પરંતુ ખરીદી કરનાર પરિવારોના સ્વાસ્થ્યનું ધ્યાન પણ રાખવા માગે છે ને એ જ કારણસર વેબસાઈટ પર ઑર્ગૅનિક શાકભાજી ને ફળો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. અલબત્ત, મધ્યમ વર્ગના બજેટને ધ્યાને રાખીને નોન ઑર્ગૅનિક ચીજો પણ અહીં રખાઈ છે, પણ તેનેય ઓઝોન વોશ કરીને આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેથી ગ્રાહક પોતાના ઘરે પહોંચતી વસ્તુને અનપૅક કરીને સીધી જ ઉપયોગમાં લઈ શકે, એનેય વસ્તુ ધોવાનીય જરૂર ન પડે.

આજે આયોજિત ઉદ્‌ઘાટન સમારોહમાં સ્થાનિક ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચૅરમૅન આશિષભાઈ દવે, મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રભાઈ ચાવડા, કમલકિશોર જૈન, દિપક પટેલ, ડૉ. ગોસ્વામી, રાહુલ મહેતા, ઉદય દેસાઈ અને સુધીરકુમાર દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિઓનું સ્વાગત મૅન્ગો બૂકેથી કરવામાં આવ્યું હતું.

શાસ્ત્રીજીએ બંને ગૃહિણીઓને 'શાકંબરી દેવી' કહીને તેમને આદર આપ્યો હતો. વિષય શાકભાજીનો હોવાથી ગૃહિણીઓને તેમાં રસ પડશે એમ તેમણે હળવાશથી જણાવ્યું હતું. કાર્યક્રમને અંતે આભાર દર્શન સાર્થક શ્રેય દ્વારા કરવામાં આવ્યું હતું.



## વાતવાતમાં

● ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય-સચિવાલય કલાર્કની ૨૯૪૯ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયાની જાહેરાત બહાર પાડવામાં આવી હતી તેમાં અલગ અલગ વિભાગોની વધુ ૫૯૩ જગ્યાઓ ઉમેરવામાં આવી છે. વળી, આ તમામ જગ્યાઓમાં નવી ઉમેરાયેલ ૧૦ ટકા આર્થિક અનામત પણ લાગુ પાડવામાં આવી છે. જેનો લાભ લેવા તા.૨૦મી જુન સુધીમાં અરજી ફોર્મ ભરી દેવાનું છે.

● ગ માર્ગ પર ગ દોઢ પાસે સેકટર-૩ તરફ જવાના રસ્તા નજીક એક વૃક્ષનું મોટું મસ ડાળુ રાત્રિના સમયે અચાનક કડડભૂસ થઈને તુટી પડયું હતું. સદભાગ્યે રાત્રિના સમયે ડાળુ તુટયું હોવાથી કોઈને ઈજા કે અકસ્માત સર્જાયો નથી.

● રવિવારે બપોરે અચાનક વાતાવરણમાં ગરમી ઉપરાંત વંટોળિયો પવન પણ ફુંકાતા ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી. ઉડતી ધૂળની ડમરીઓના કારણે વાહનચાલકોને વાહન હંકારવામાં પણ ભારે મુશ્કેલી નડી હતી.

# ગાંધીનગરમાં વિશિષ્ટ શિક્ષક સંઘનું મહા સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨

રાજયભરની સરકારી પ્રાથમિક શાળામાં ભણતા દિવ્યાંગ બાળકોને ભણાવતા વિશિષ્ટ શિક્ષકોના બનેલા વિશિષ્ટ શિક્ષક સંઘ ગુજરાતનું મહા સંમેલન ગાંધીનગર ટાઉન હોલમાં યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં શિક્ષકો






અને આમંત્રિતો હાજર રહ્યા હતા.

રાજયભરની તમામ સરકારી પ્રાથમિક શાળામાં ટોટલ બ્લાઈન્ડ, લો વિઝન, સ્પીચ ઈન્પેટ, સાંભળવામાં તકલીફ, મંદબુધ્ધિ, હલનચલનની ખામી, બહુ વિકલાંગતા અને રકતપિત્ત અસરગ્રસ્ત એવા ૧ લાખથી વધુ બાળકો સામાન્ય બાળકની જેમ જ અભ્યાસ કરે છે અને આવા બાળકો માટે વિશિષ્ટ શિક્ષકોની પણ કરાર આધારિત નિમણૂંકો કરવામાં આવી છે.

વિવિધ ખામી અને દર્દ ધરાવતા બાળકોને તૈયાર કરતા વિશિષ્ટ શિક્ષક સંઘ ગુજરાતના શિક્ષકોનું મહાસંમેલન યોજાયું હતું. આ સંમેલન વિવિધ ખામી ધરાવતા દિવ્યાંગોના વિકાસ મામલે વિવિધ ચર્ચા કરી અને અભિપ્રાયો લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત મા.શિક્ષક સંઘના પ્રમુખ રમેશ પટેલ, ગુજરાત શિ.ઉ.મા. શિક્ષક સંઘના પ્રમખ પંકજ પટેલ, તખુભાઈ સાંડસુર તેમજ કિરીટસિંહ જાડેજા અને વિશિષ્ટ શિક્ષક સંઘના પ્રમુખ પ્રકાશ જાદવ સહિત જિલ્લાના કો ઓર્ડિનેટર અને આગેવાનો હાજર રહ્યા હતા.

# શહેરીજનોમાં એસી અને કુલર ખરીદવાની હોડ

ગાંધીનગર, તા.૨૨

અગનગોળા વરસાવતી ગરમી એ શહેરીજનોને ઘરમાં જ શેકી નાખ્યા છે. મકાનોના ધાબા તપીને પંખાના પવનને પણ ગરમ કરી નાખતાં શહેરીજનોની સહનશીલતાની હદ આવી ગઈ છે. ગરમી સહન ન થતાં છેવટે એસી અથવા કુલર ખરીદવા દુકાનોમાં શહેરીજનોએ રીતસર હોડ લગાવી દીધી છે. ઠંડક આપતા આ ઉપકરણોની માંગ ખુબ જ વધી જતાં જથ્થો પણ ખુટી પડયો છે અને હાજર સ્ટોકનું જે તે હાલતમાં જ ફોન ઉપર એડવાન્સ બુકીંગ થઈ જાય છે. દિવસ-રાત ઘરમાં ગરમાગરમ માહોલથી કંટાળેલા શહેરીજનો આખરે એસી અને કુલરના શરણા શોધવા લાગ્યા છે.

ચો તરફ હાહાકાર મચાવતી

## દુકાનોમાં જથ્થા ખુટી પડયા, હાજર માલનું એડવાન્સ બુકીંગ, ગરમીએ શહેરીજનોની સહનશીલતાને પડકારી

ગરમીએ લોકોને હચમચાવી નાખ્યા છે. દિવસભર આકરા તાપ થકી મકાનના ધાબા અને દિવાલો ગરમ થઈ મકાનની અંદરનું વાતાવરણ પણ ભઠ્ઠી જેવું થઈ જાય છે. ઘરમાં ચાલતા પંખાઓ પણ ગરમા ગરમ પવન આપી રહ્યા છે જેથી ઘરની અંદર અને બહાર લમણાં શેકી નાખતી ગરમીથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. વધુમાં ગરમાગરમ ઘરના વાતાવરણથી ભોંયતળીયાની ટાઈલ્સ પણ ગરમ થઈ પગના તળીયા બાળી રહી છે.

આ તમામ પરિસ્થિતિમાં અનહદ ગરમી અસહ્ય બની જતા એક માત્ર ઉપાય ઠંડકનો બચે છે જેના માટે ઠંડક આપતા ઉપકરણો જેવા કે એસી અને કુલર ખરીદવું એ જરૂરિયાત બની ગયું છે. જેના કારણે હાલમાં શહેરની ઈલેકટ્રોનીકસ દુકાનોમાં એસી અને કુલર ખરીદવા ભારે ભીડ ઉમટી રહી છે. મર્યાદિત સ્ટોક રાખતા વેપારીઓને જથ્થો ખુટી પડયો છે તો બીજી તરફ હાજર સ્ટોકનું ફોન ઉપર જ બુકીંગ કરાવી લોકો ખરીદી કરી રહ્યા છે. ઈલેકટ્રોનીકસની ખરીદીના ઈતિહાસમાં ચાલુ વર્ષે સૌથી વધુ માંગ રહી હોવાનો દાવો પણ વેપારીઓ કરી રહ્યા છે અને બમ્પર ઘરાકીથી વેપારીઓ ઘેલમાં આવી ગયા છે. જો કે જુદી જુદી કંપનીઓએ પણ આકર્ષક ઓફરો ગ્રાહકોને આપી આકર્ષવાના પ્રયત્નો શરૂ કરી દીધા છે. આમ ગરમી એ હદ વટાવતા ખરીદશકિતનો સહન શકિત ઉપર વિજય થયો છે અને હમ્રેથી પણ ઠંડક આપતા ઉપકરણો ખરીદીને ગરમીનું મારણ કરવાના મરણીયા પ્રયાસો થયા છે.

# વૃક્ષારોપણ થકી યુવા અનસ્ટોપેબલનો ઉમદા પ્રયાસ

## યુવા અનસ્ટોપેબલ ગૃપના યુવાનોએ સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં નવા વૃક્ષો વાવ્યા અને હયાત વૃક્ષોને પાણી પુરું પાડયું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના યુવા અનસ્ટોપેબલ ગૃપ દ્વારા તાજેતરમાં સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં ખૂબ જ ઉમદા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. આ પ્રવૃત્તિ અનુસાર ગૃપના સભ્યોએ આ વિસ્તારમાં વૃક્ષ વાવ્યા હતા તથા હયાત તમામ વૃક્ષોને પાણી પુરું પાડયું હતું.

કલાયમેન્ટ ચેન્જના કારણે દિવસે ને દિવસે પર્યાવરણની હાલત બગડતી જાય છે. આ વર્ષે ગરમીના પારાએ નવા વિક્રમો સ્થાપી શહેરીજનોને ત્રાહિમામ પોકારાવી દીધું છે. પર્યાવરણની આ પરિસ્થિતિ માટે જવાબદાર પરિબળમાં સૌથી મુખ્ય સતત થઈ રહેલ વૃક્ષ છેદનની પ્રવૃત્તિ છે.



સતત ઘટતી જતી વૃક્ષોની સંખ્યાને કારણે પર્યાવરણને માઠી અસર થઈ રહી છે. તે બાબતને ધ્યાનમાં રાખીને ગાંધીનગરના યુવા અનસ્ટોપેબલ ગૃપ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ ગૃપના ૨૦ જેટલા યુવાનોએ તા. ૨૦મે શુક્રવારે આ કાર્યક્રમ હાથ ધર્યો હતો. જેમાં તેમણે આશરે ૫૦થી વધુ વૃક્ષોને પાણી આપવાનું કાર્ય પણ કર્યું હતું. આ સાથે યુવાનોએ ૨૦ જેટલા નવા વૃક્ષો વાવ્યા હતા. આ વૃક્ષોમાં સોનમહોર, આંબો, લીમડો, નિલગીરી અને નગોડ વગેરેનો સમાવેશ થાય છે. યુવાનોએ આ વૃક્ષો વાવવાની સાથે તેમના ઉછેર અને જતનનો સંકલ્પ પણ અત્રે લીધો હતો. યુવાનોના આ ઉમદા પ્રયાસને આ વિસ્તારની સોસાયટીના રહીશોએ આવકાર્યો હતો તથા તેમની ભરપૂર પ્રસંશા પણ કરી હતી. યુવા અનસ્ટોપેબલના યુવાનોએ તેમના વૃક્ષારોપણના કાર્ય થકી સમાજમાં પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે.

# સ્માર્ટ સીટી સૂચનોમાં મનપા દ્વારા સાંકાભાઈ પટેલને બીજું ઈનામ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાએ 'સ્માર્ટ સીટી' કેવું હોવું જોઈએ તે માટે ગાંધીનગરની શહેરી જનતા પાસેથી લેખિતમાં સૂચન મંગાવેલા હતાં



તથા પ્રથમ, બીજો અને ત્રીજો ક્રમાંકની હરીફાઈનું આયોજન જાહેર કરેલ હતું. અંદાજે દશેક હજાર વ્યકિતઓએ આ હરીફાઈમાં સૂચનો કર્યા હતા.

સદભાવ ટ્રસ્ટના પ્રમુખ સાંકાભાઈ જે. પટેલ (જંત્રાલવાળા) એ ૧૨ પેજમાં ૩૮ સુચનો વિગતવાર મુદ્દાસર કર્યા હતા. ગાંધીનગર મહાનગરપાલિકાએ સાંકાભાઈને બીજા નંબરે વિજયી જાહેર કરેલ છે. તા.૨૧મીના રોજ ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતેના કાર્યક્રમમાં મેયરશ્રી પ્રવિણભાઈ પટેલે રૂ. ૭૦૦૦નો ચેક સાંકાભાઈ જે.પટેલને અર્પણ કરી અભિનંદન પાઠવ્યા હતા.

આ હરીફાઈમાં પ્રથમ ક્રમાંકને રૂ. ૧૦,૦૦૦, બીજા ક્રમાંકને રૂ. ૭,૦૦૦ અને ત્રીજા ક્રમાંકને ૫,૦૦૦નું ઈનામ આપવાનું જાહેર કરાયેલ હતું. શ્રી સાંકાભાઈ જે. પટેલ બીજા ક્રમી વિજયી થયા છે.

# જો ગાડી પાર્ક કરવી હોય છાંયડામાં, તો એક વૃક્ષ વાવો આંગણામાં

## ચાલો દર વર્ષે વધતા જતા ગરમીના આંકને ચેલેન્જ આપીએ, દરેક જન્મતિથી કે લગ્નતિથી વૃક્ષ વાવી ઉજવીએ



### લાગ્યું એવું લખ્યું

સમીર રામી

'શું વીતે છે આભ, ધરા પર,
વૃક્ષ પડે છે ત્યારે,
વ્યાકુળ થઈ જાતુ સચરાચર,
વૃક્ષ પડે છે ત્યારે.
ટહુકાઓ પણ દિશા ભૂલી,
અફળાતા ચારે બાજુ,
રુદન કરે છે પંખીના સ્વર, વૃક્ષ
પડે છે ત્યારે.'

કોઈ પણ વિચારશીલ માનવીના હૃદયને સ્પર્શી જાય તેવી આ પંકિત થકી કવિ ઉર્વિશ વસાવડાએ વૃક્ષ છેદનની પ્રવૃત્તિ અંગે પોતાની લાગણીઓ ઉલેચી છે. આજે સમાજમાં લગભગ દરેક વ્યકિતને એટલી તો ખબર છે કે વૃક્ષો આપણા જીવનનું અતિ મહત્વનું અંગ છે અને દર વર્ષે પર્યાવરણ દિવસે યોજાતી સરકારી તથા શૈક્ષણિક ઔપચારિકતાઓ અંતર્ગત વૃક્ષ બચાઓ રેલીઓ કે વૃક્ષારોપણના કાર્યક્રમો જોવા મળતા જ રહે છે આવા જ એક કાર્યક્રમમાં એક સૂત્ર વાંચ્યું હતું કે 'પાંદડે પાંદડે પરમેશ્વર, પાંદડે પાંદડે પયગંબર'. પરંતુ આ સૂત્ર ત્યારે જ સાર્થક થશે જયારે આપણને એક વૃક્ષ કપાવાથી એક મંદિર કે મસ્જિદ તુટયા જેટલું દુઃખ થશે.

છેલ્લા કેટલાક વર્ષોથી દર વર્ષે ઉનાળામાં તાપમાનનો આંક નવી ઊંચાઈ હાંસલ કરતો જાય છે. જયારે આગ ઓકતી ગરમી અંગ દઝાડે છે ત્યારે આપણે વધુ પાંચ વૃક્ષ વાવવાને બદલે એસી કે એરકૂલર ખરીદવા દોટ મુકીએ છીએ અને સરવાળે આવતા વર્ષની ગરમીના આંકને વધુ ઉપર ચઢવા અજાણતા જ એક પગથીયું પણ પુરું પાડતા જઈએ છીએ. આ વિશ્વમાં માનવી એ જો કોઈનો ખરા દિલથી આભાર માનવો હોય તો તે ખિસકોલીનો માનવો જોઈએ. આ નાનકડા નટખટ પ્રાણીએ અજાણતા જ આપણને અઢળક વૃક્ષોની ભેટ ના આપી હોત તો કદાચ પૃથ્વી કયારનીય ગ્લોબલ વોર્મીંગથી બળીને ખાખ થઈ ગઈ હોત. ખિસકોલીને એવી આદત હોય છે કે તે પોતાને ભૂખ ના હોય ત્યારે વૃક્ષોના ફળ, બીજ વગેરેને જરૂર પડે ત્યારે ખાવા માટે જમીનમાં ખાડો ખોદી છુપાવી દે છે પરંતુ પોતાની ટૂંકી યાદશકિતના કારણે તે પછી ભૂલી જાય છે કે તેણે ફળ કયાં છુપાવ્યું હતું. જેના કારણે તેનાથી અજાણતા જ નવા વૃક્ષનું વાવેતર થઈ જાય છે. ખિસકોલીની યાદશકિત તો ભલે ટૂંકી હોય પરંતુ માનવીનું મન તો માહિતીનો ખજાનો હોય છે. પ્રિયજનની જન્મતારીખથી માંડીને દિકરીના બોર્ડની પરીક્ષાના પરિણામની તારીખ યાદ રાખવા ઝાઝી મહેનત કરવી પડતી નથી પરંતુ આ પ્રકારના ખુશાલીના પ્રસંગો જયારે ઉજવાય ત્યારે ત્યારે એક વૃક્ષ વાવવું તેવું જો યાદ રાખી કરાય તો ખિસકોલીના કાર્યને વધુ વેગ મળી શકે.



પર્યાવરણની જાળવણી માટે સરકારી તંત્ર દ્વારા તો કરોડો રૂપિયાનું આંધણ કરાય જ છે. વળી, લીલાં વૃક્ષો કાપવા એ એક ગુનો બને છે. આમ છતાં સતત વૃક્ષોની સંખ્યા ઘટતી જાય છે તે નિર્વિવાદ હકીકત છે. ટેકનોલોજીના સહારે લીલા વૃક્ષોના લાકડાનું પણ પાતળું પડ બનાવી તેને પ્લાયવુડ બનાવવાના ઉપયોગમાં લેવાય છે જેના કારણે લાકડાં વ્હોરવાની મીલો કે ટીમ્બર માર્ટમાં રાત્રિના સમયે લાકડા ભરેલી ઊંટગાડી કે ટ્રોલી ટ્રેકટરની લાઈનો પણ લાગતી જોવા મળે છે. તંત્રની મિલીભગતના કારણે આવા દશ્યો તો જોવા મળતા જ રહેશે અને વહીવટકર્તાઓ જાહેરમાં વૃક્ષારોપણના દંભી દેખાડો પણ એટલા જ કરતા રહેશે. વૃક્ષોના થઈ રહેલા વિનાશને કારણે પાણી ચક્રને પણ અસર પહોંચી રહી છે તેમજ જમીનને પણ મોટું નુકશાન થઈ રહ્યું છે. વૃક્ષોથી જમીનનું ધોવાણ અટકે છે, જમીનની પાણી શોષવાની શકિત વધે છે, વાતાવરણમાં ઓકિસજનનું પ્રમાણ વધે છે, છાંયડો મળ છે, વરસાદ આવે છે જેવી બાબતો તો પ્રાથમિક શિક્ષણમાં ભણતા દરેક બાળકને ખબર છે. ગ્લોબલ વોર્મીંગ અને કલાયમેન્ટ ચેન્જ વિષયો પર રેલીઓ તથા ચિત્ર સ્પર્ધાઓ પણ યોજાતી જ રહે છે અને તે યોજાવી જ જોઈએ. પરંતુ સાથે સાથે એ બાળકને જો એક આદત એવી પણ કેળવવામાં આવે કે જેમાં તે વૃક્ષનું મહત્વ એટલું સમજી શકે કે પોતાના જીવનના મહત્વના પ્રસંગો જેમ કે જન્મ દિવસ, સારું પરીણામ કે પછી રમતગમત કે કલા ક્ષેત્રે સિધ્ધિ તમામ વખતે તેની ઉજવણી એક વૃક્ષ વાવીને કરે તો તેને જ ભવિષ્યમાં અંગ દઝાડતી ગરમીમાં લૂ લાગવાથી રાહત આપી શકીશું.

વિદેશમાં તો કેટલાક દેશોમાં તો હવે રેલ માર્ગ કે રોડ રસ્તા બનાવતા જો વૃક્ષ વચ્ચે આવે તો માર્ગની દિશા બદલવામાં આવે છે. પરંતુ વૃક્ષને યથાવત રખાય છે. આપણે ત્યાં એ સભાનતા તો ભગવાન જાણે કયારે આવશે પરંતુ અત્યારે તો એવી પરિસ્થિતિ છે કે આપણી સોસાયટીઓના બગીચા પણ આપણે પાર્કિંગ માટે વાપરવા માંડયા છીએ. દરેકને પોતાની ગાડી તો છાંયડામાં પાર્ક કરવી છે પરંતુ કોઈએ એક વૃક્ષ વાવવાની તસ્દી લેવી નથી. છેવટે અખબારોમાં તાપમાનના નવા વિક્રમી આંકડા વાંચી ઊના ઊના નિસાસા જ નાંખવાના વધે છે. લેખના પ્રારંભે વ્યકત કરાયેલ કવિ વેદના અંતે એ જ કૃતિમાં આ રીતે ઉભરાય છે...

'એમ મને લાગે છે કે ઓછું
થયું કશુ મારામાં,
હું પણ તુટું મારી અંદર, વૃક્ષ
પડે છે ત્યારે,
કોરી પાટી જેવી ધરતી નિરખો
તો સમજાશે,
ભૂંસાતા ઈશ્વરના અક્ષર, વૃક્ષ
પડે છે ત્યારે...'

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# સે-૩માં નિવૃત્ત કર્મચારીના મકાનમાંથી ૧.૭૩ લાખના દાગીનાની ચોરી

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૩-એ ખાતે રહેતા નિવૃત્ત કર્મચારીના મકાનમાંથી એકાદ માસ અગાઉ તિજોરીમાં મુકેલા દાગીનાની ચોરી અંગે આજે ખબર પડતા મકાન માલિકે સેકટર-૭ પોલીસમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી. જેની ફરિયાદ નોંધીને પોલીસે આ દિશામાં તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૩-એ પ્લોટ નં. ૮૬/૧ ખાતે નિવૃત્ત કર્મચારી જગદીશભાઈ હરિભાઈ સોલંકી પોતાના પરિવાર સાથે રહે છે. એક માસ અગાઉ જગદીશભાઈએ પોતાન ઘરમાં દિવાલમાં તિજોરી અને લોકર નખાવ્યા હતા. આ દરમિયાન આજ જગ્યાએ એક થેલામાં અલગ અલગ સોના-ચાંદીના દાગીના પણ મુકયા હતા. તિજોરી અને લોકરનું કામ કરી વલ્લીભાઈ અને અન્ય કારીગર ત્યાંથી જતા રહ્યા હતા ત્યારે આજે ઘરમાલિક જગદીશભાઈને ઘરમાં મુકેલા દાગીનાની જરૂરીયાત ઉભી થતા થેલામાંથી લેવા ગયા હતા. જયાં કેટલાક દાગીના ન હોવાની જાણ થઈ હતી. પરિણામે જગદીશભાઈએ શંકાના આધારે ૧.૭૩ લાખના દાગીનાની ચોરીની ફરિયાદ થોડા સમય અગાઉ તિજોરી અને લોકરનું કામ કરવા આવેલા કારીગરો સામે સેકટર-૭ પોલીસ મથકમાં નોંધાવી હતી. આથી પોલીસે ગુનો નોંધી બંને શંકાસ્પદ ઈસમોની પુછપરછ કરી તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની સાધારણ સભા યોજાશે

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૦ જૂનના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૩-ડીના રામજી મંદિર ખાતે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં એસોસિએશનના હોદ્દેદારો તેમજ સભ્યને હાજર રહેવા મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' એ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. નાયક લાડુબેન મોહનભાઈ, ઉ.વ.૮૫
- સ્વ. બારોટ મધુબેન ઠાકોરલાલ, ઉ.વ.૮૫
- સ્વ. ખાંટ પૂંજીબેન ગાંડાજી, ઉ.વ.૬૮
- સ્વ. પરમાર ભીખાભાઈ હિરાજી, ઉ.વ.૫૦
- સ્વ. ભાભોર ગૌરાંગભાઈ તેજાભાઈ, ઉ.વ.૨૦
- સ્વ. દવે માલતીબેન દિનેશભાઈ, ઉ.વ.૬૬